# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 04/12/2025** **Morning : 7.10 to 7.20**
**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. **ખાસ મતદાર સુધારણા ઝુંબેશમાં 94.11 % ગણતરી ફોર્મના ડિજીટાઈઝેશન સાથે ડાંગ જિલ્લો મોખરે.. મુખ્ય નિર્વાચન અધિકારીનો માન્ય રાજકિય પક્ષોને વધુ બીએલએ મૂકવા અનુરોધ**
2. **ગાંધીનગરમાં યોજાયેલી 27 યોજનાઓની કામગીરીની સમીક્ષા બેઠકમાં ગણવત્તા લક્ષી કામગીરી કરવા મુખ્યમંત્રીની અધિકારીઓને તાકિદ**
3. **નવ હજારથી વધુ નવનિયુક્ત આંગણવાડી કાર્યકર અને તેડાગર તરીકે પસંદ થયેલા ઉમેદવારોને આજે નિમણૂક પત્ર એનાયત થશે**
4. **પૂનમની ચાંદનીમાં વિશ્વપ્રસિદ્ધ સફેદ રણનો નજારો નિહાળવા મુખ્યમંત્રી આજે સાંજે ધોરડોની મુલાકાતે**
5. **હોટલ અને ફુડસ્ટોલમાં રાજ્યભરમાં તપાસ બાદ ખાદ્ય ગુણવત્તામાં ખામી જણાય તો સંચાલકો સામે કડક કાર્યવાહી આદેશ**

---------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# SIR

સમગ્ર ગુજરાતમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ ઝુંબેશમાં ગણતરીનો તબક્કો **11**મી ડિસેમ્બર સુધી ચાલવાનો છે. **2025**ની મતદાર યાદીમાં નોંધાયેલા **5** કરોડથી વધુ મતદારોને ગણતરી ફોર્મનું વિતરણ કરી દેવામાં આવ્યું છે.

રાજ્યના **33** જિલ્લાઓ પૈકી મોટાભાગના જિલ્લાઓમાં **100%** ફોર્મ વિતરણ સંપન્ન થયું છે. જ્યારે અમુક જિલ્લાઓમાં **100%** વિતરણનું લક્ષ્ય હાંસલ થવામાં છે. કુલ છ વિધાનસભા મતવિસ્તારમાં ડિજીટાઈઝેશનની કામગીરી **100 %** પુરી થઈ ચુકી છે. જેમાં બનાસકાંઠાની ધાનેરા અને થરાદ, દાહોદની લીમખેડા અને રાજકોટની ધોરાજી અને જસદણ તથા આણંદની ખંભાત બેઠકનો સમાવેશ થાય છે. આ કામગીરીમાં **94.11 %** ગણતરી ફોર્મના ડિજીટાઈઝેશન સાથે ડાંગ જિલ્લો મોખરે છે.

સાંભળીએ ડાંગ જીલ્લાના અમારા પ્રતિનિધિ મુનિરા શેખનો અહેવાલ..

**વોઇસ કાસ્ટ – મુનિરા શેખ**

# SIR CEO POLITICAL PARTY MEETING

સમગ્ર ગુજરાતમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. દરમિયાન ગઇકાલે મુખ્ય ચૂંટણી અધિકારી હારીત શુક્લાની આગેવાનીમાં માન્ય રાજકીય પક્ષોના પ્રતિનિધીઓ સાથે બેઠક યોજાઈ હતી. જેમાં

શ્રી શુક્લાએ ભાજપ, કોંગ્રેસ, આમ આદમી પાર્ટી અને બીએસપીના ઉપસ્થિત પ્રતિનિધીઓને **SIR**ની કાર્યપ્રગતિથી માહિતગાર કર્યા હતા.

રાજ્યભરના **BLO** ચૂંટણી પંચના સૈનિકોની જેમ ખૂબ જ ખંતપૂર્વક કામગીરી કરી રહ્યા છે. માન્ય રાજકીય પક્ષો વધુમાં વધુ **BLA**ની નિયુક્તિ કરે તેવો અનુરોધ પણ મુખ્ય નિર્વાચન અધિકારીએ કર્યો હતો. માન્ય રાજકીય પક્ષોના પ્રતિનિધીઓએ પણ સમગ્ર પ્રક્રિયામાં ચૂંટણી પંચને સહકાર આપવા પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

# CM PROJECTS

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં યોજાયેલી એક ઉચ્ચસ્તરીય બેઠકમાં **11** હજાર **360** કરોડના કુલ **27** પ્રોજેક્ટની કામગીરીની સમીક્ષા કરી હતી. આ પ્રોજેક્ટ્સ અંતર્ગત રેલવે સંબંધિત **4** યોજનાઓ**,** ઉદ્યોગ અને ખાણ વિભાગને સ્પર્શતા **6** અને શહેરી વિકાસ વિભાગના **15** યોજનાઓની પ્રગતિ અંગે વિસ્તૃત પ્રેઝન્ટેશન અને સમીક્ષા થઈ હતી.

પ્રોજેક્ટસની આ ચોથી સમીક્ષા બેઠકમાં અત્યાર સુધી વિવિધ યોજનાઓની કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી.. ચાલી રહેલા આ તમામ પ્રોજેક્ટ્સ તેની નિર્ધારિત સમય મર્યાદામાં પૂરા થાય તથા ગુણવત્તામાં કોઈ બાંધછોડ ન થાય તે સુનિશ્ચિત કરવાની સ્પષ્ટ સૂચનાઓ બેઠકમાં આપી હતી.

# CABINET DECISSION

રાજ્ય મંત્રી મંડળની બેઠકમાં ચર્ચાયેલા મુદ્દાઓ અંગે માહિતી આપતા પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું કે, આ પેકેજ હેઠળ સહાય મેળવવા માટે ગામના **VCE/VLE** મારફત હજુ પણ અરજી પ્રક્રિયા ચાલી રહી છે, જે આગામી પાંચ ડિસેમ્બર સુધી ચાલુ રહેશે. અત્યાર સુધીમાં રાજ્યના ખેડૂતો દ્વારા સહાય મેળવવા માટે કુલ ૨૯.૮૦ લાખથી વધુ અરજીઓ કરવામાં આવી છે.

બાઇટ- જીતુ વાઘાણી

રાજ્યભરની તમામ સરકારી શાળાઓના ટોઇલેટ બ્લોકની સઘન મરામત અને સાફ-સફાઈ ઝુંબેશ હાથ ધરવા સૂચનાઓ આપી હોવાનું પણ સરકારના પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું હતું.

બાઇટ- જીતુ વાઘાણી

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

..................................

# CM- APPOINTMENT LETTER

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે નવ હજારથી વધુ આંગણવાડી કાર્યકર અને તેડાગર ઉમેદવારોને નિમણૂક પત્ર એનાયત કરશે.

આ પ્રસંગે મહિલા બાળ વિકાસ મનીષા વકીલ પણ ઉપસ્થિત રહેશે.તાજેતરમાં યોજાયેલી ભરતીમાં પસંદગી પામેલા ઉમેદવારોને આ સમારોહમાં નિમણૂક પત્રો એનાયત કરાશે.

# CM DHORDAO

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ આજે કચ્છના સફેદ રણમાં ધોરડો ખાતે ચાલી રહેલા રણોત્સવની મુલાકાત લેશે. તેઓ પૂનમની ચાંદનીમાં વિશ્વપ્રસિદ્ધ સફેદ રણને નિહાળવાની સાથે સાંસ્કૃતિક કાર્યક્રમમાં પણ હાજરી આપશે.

વધુ માહિતી આપી રહ્યા છે ભુજથી અશરફ નથવાણી.....

## વોઇસ કાસ્ટ – અશરફ નથવાણી

*(રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ આજે પૂનમની અનોખી ચાંદનીમાં વિશ્વપ્રસિદ્ધ સફેદ રણનો ભવ્ય નજારો નિહાળવા ધોરડોની મુલાકાતે આવશે. તેઓ સાંજે યોજાનારા સાંસ્કૃતિક કાર્યક્રમમાં પણ હાજરી આપશે.*

*ઉલ્લેખનીય છે કે, આ વખતે પ્રવાસીઓ માટે ગત 23 નવેમ્બરથી સફેદ રણ ખુલ્લો મુકાયો છે. ચાલુ સીઝનમાં આજે પ્રથમ ફુલમુન હોવાથી મોટી સંખ્યામાં પ્રવાસીઓ પણ રણની ચાંદની માણવા માટે ઉમટી રહ્યા છે.*

*સરહદી જિલ્લો કચ્છ પ્રવાસન ક્ષેત્રે હવે વિશ્વ ફલક પર પહોંચ્યું છે. રાષ્ટ્ર સંઘના વિશ્વ પર્યટન સંગઠન દ્વારા વિશ્વના શ્રેષ્ઠ પ્રવાસન ગામોની યાદીમાં સામેલ કરવામાં આવેલ ધોરડોના સફેદ રણમાં ૪ મહિના સુધી ચાલતો રણોત્સવ એ દેશ-વિદેશના પ્રવાસીઓમાં ખૂબ જ પ્રિય ઉત્સવ બની ગયો છે. રણોત્સવમાં કચ્છની કળા, ભાતીગળ સંસ્કૃતિ, મહેમાનગતિ અને પરંપરાનો વિશિષ્ટ સંગમ જોવા મળે છે. જેમાં કચ્છની ઓળખ એવા ભૂંગાઓ ધરાવતી વિશાળ ટેન્ટ સિટી, સફેદ રણમાં ઊંટ સવારી, કચ્છની સંસ્કૃતિની ઝાંખી કરાવતા પ્રદર્શનો, સ્થાનિક લોકનૃત્યો અને હેન્ડિક્રાફ્ટ બજાર, એ મુખ્ય આકર્ષણો છે. સફેદ રણના સથવારે સૂર્યોદય અને સૂર્યાસ્તના સમયનો પ્રાકૃતિક નજારો અને પૂનમની રાતે સોળે કળાએ ખીલેલા ચંદ્રમાની ચાંદનીનો લ્હાવો જીંદગીભરનું સંભારણું બની રહે છે.*

*રણોત્સવમાં આવતા પ્રવાસીઓની સુવિધા માટે ગુજરાત પ્રવાસન વિભાગ, જીલ્લા વહીવટીતંત્ર અને ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ દ્વારા વિશેષ વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી છે.*

*આમ, રણોત્સવ એ કચ્છના સાંસ્કૃતિક રંગો અને કચ્છી માડુની ખુમારીને પ્રતિબિંબિત કરે જ છે. તો વળી, તે કચ્છના ગ્રામીણ જીવનમાં સામાજિક, આર્થિક-પર્યાવરણીય ઉન્નતિનો મોટો આધાર પણ બન્યો છે.*

*અશરફ નથવાણી, આકાશવાણી સમાચાર, ભુજ)*

## CM – AHMEDABAD

**વિકસિત ગુજરાત થકી વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા રાજ્ય સરકાર કટિબદ્ધ હોવાનું મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યુ છે. ગઇકાલે અમદાવાદમાં એક ખાનગી ચેનલ દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં સંબોધન કરતાં મુખ્યમંત્રીએ રાજ્યની વિકાસયાત્રા અને ભવિષ્યના રોડમેપ અંગે વિસ્તૃત છણાવટ કરી હતી.**

**તેમણે કહ્યું, ગુજરાતની માથાદીઠ આવક 2001માં 19 હજાર 823થી વધીને આજે ત્રણ લાખ 22 હજાર 492 થઈ છે. તેમણે કહ્યું, સેમિકન્ડક્ટરથી લઈને શિપ બિલ્ડિંગ સુધીના દરેક ક્ષેત્રમાં ગુજરાત અગ્રેસર છે.**

# SANGHVI – YATRADHAM MEETING

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ તમામ જિલ્લાના કલેકટર, મહાનગરપાલિકા કમિશનર અને દેવસ્થાનના વહીવટદારો સાથે વિડિયો કોન્ફરન્સના માધ્યમથી બેઠક યોજી હતી. જેમાં ખાદ્ય ગુણવત્તામાં ખામી જણાય તો સંચાલકો સામે કડક કાર્યવાહી કરવા સૂચના અપાઈ.

બેઠકમાં યાત્રાળુઓની સુવિધાઓ અને આવા સ્થળો આસપાસની હોટલ, દુકાનો અને લારીઓમાં વેચાતા ફૂડની ગુણવત્તા પર ખાસ તપાસ કરવા જેવા વિષયો પર નાયબ મુખ્યમંત્રીએ ચર્ચા કરી. આ અંગે ખાસ એક્શન પ્લાન તૈયાર કરાશે.

દરમ્યાન નાયબ મુખ્યમંત્રીના નિર્દેશ અનુસાર ગઇકાલે રાજ્યભરમાં યાત્રાધામો અને પ્રવાસન સ્થળો આસપાસ હોટલ અને નાસ્તાની લારી દુકાનો પર ખાદ્ય પદાર્થોની ગુણવત્તાની આકસ્મિક ચકાસણી હાથ ધરાઇ. દર અઠવાડિયે આ પ્રકારની કાર્યવાહી કરવા પણ સૂચના આપવામાં આવી છે.

# KUTCH

કચ્છના ખાવડા નજીક કેન્દ્ર બિંદુ ધારવાતો ભૂકંપનો આઁચકો ગત રાત્રે નોંધાયો હતો. મોડીરાત્રે ૧૨;૩૯ મીનીટે ખાવડાથી ૪૪ કિમી ઉત્તર-ઉત્તર પશ્ચિમ વિસ્તારમાં કેન્દ્ર બિંદુ ધરાવતો 3.3 ની તીવ્રતાનો આંચકો સિસ્મોગ્રાફી યંત્ર પર નોંધાયો હતો

# SURENDRNAGAR KHANIJ CHORI

સુરેન્દ્રનગર જીલ્લાના ચોટીલાના નાયબ કલેક્ટર એચ ટી મકવાણા એ સતત બીજા દિવસે ખનીજ ચોરી ઝડપી પાડી છે.

તંત્રની ટીમે મુળી તાલુકાના છેવાડાના ગામ ભેટ ગામે સરકારી સર્વે નંબર 35 વાળી જમીનમાં રેડ પાડતા ગેરકાયદેસર કોલસાનું ખનન કરતા 16 કુવા પરથી 150 મેટીક ટન કોલસો સહિતના મુદ્દામાલ સાથે બે કરોડ 87 લાખ 30 હજાર રૂપિયાનો મુદ્દા માલ જપ્ત કરી કોલસાનું ખોદકામ કરનાર શખ્શો સામે કાયદેસરની કાર્યવાહી કરી છે.

દરોડા દરમિયાન કોલસાના કુવામાંથી 16 મજૂરોને રેસ્ક્યુ કરી બહાર કાઢવામાં આવ્યા હતા.

# VISHVA VANYAJIV SANRAKSHAN DIWAS

ગુજરાત રાજ્ય સહિત સમગ્ર દેશમાં આજે વિશ્વ વન્યજીવ સંરક્ષણ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. આ દિવસે લુપ્ત થતાં વન્યજીવો અને પક્ષીઓને બચાવવા નાગરિકો જાગૃત થાય તે માટે દેશમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

# WEATHER

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી સપ્તાહમાં વધુ ઠંડી પડવાની શક્યતા છે. જોકે બે દિવસ રાજ્યમાં ઠંડીનો ચમકારો યથાવત રહેશે.

રાજ્યમાં 7 દિવસ સુધી લઘૂતમ તાપમાનમાં 1થી 2 ડિગ્રીની વધઘટ રહેશે. દરમિયાન 11 ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે નલિયા સૌથી ઠંડુ શહેર બન્યું છે.

# TRAIN CANCEL -MORBI

ટેક્નિકલ કારણોસર, 7 ડિસેમ્બરે વાંકાનેર અને મોરબી વચ્ચે ચાલતી તમામ ડેમુ ટ્રેનો રદ કરવામાં આવી છે. યાત્રીઓ આ ફેરફારને ધ્યાનમાં રાખીને પોતાની યાત્રા શરૂ કરે અને ટ્રેનોના સંચાલન સંબંધિત નવીનતમ અપડેટ્સની જાણકારી માટે www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરે જેથી અસુવિધા ન થાય.

---------------------------------------------------------------------------------------